॥ ॐ तत्सत् परमात्मने नमः ॥

ચેતન યુગ.

નાટકનાં ગાયનો તથા ટુંકસાર.

શ્રી દેશી નાટક સમાજ

ભજાવી પ્રસિદ્ધ કરનાર.

હરગોવિંદદાસ જેઠાભાઈ શાહ.

માલેક--શ્રી દેશી નાટક સમાજ.

ઠે. વિક્ટોરીઆ થીએટર ગ્રાન્ટરોડ પીલાહાઉસ

સંવત ૧૯૮૭ મુંબઇ. સને ૧૯૩૧

આવૃત્તિ ૮ મી) (પ્રત ૨...

કિંમત ચાર આના.

આ ચોપડી શ્રી જૈન એડવોકેટ પ્રીન્ટિંગ પ્રેસમાં વાડીલાલ
બાપુલાલ શાહે શ્રી દેશી નાટક સમાજને માટે છાપી
ઠે૦ ઘીકાંટા જેશીંગભાઇની વાડી—અમદાવાદ.



॥ ઓમ તતસત્ પરમાત્મને નમઃ ॥

ચેતન યુગ.

નાટકનાં ગાયનો તથા ટુંક સાર.

સ્વર્ગસ્થ સાક્ષર ડાહ્યાભાઇ ધોળશાજી ઝવેરી સંસ્થાપિત.

શ્રી દેશી નાટક સમાજ માટે

લેખકઃ-પ્રભુલાલ દયારામ દ્વિવેદી.

છપાવી પ્રસિદ્ધ કરનાર

હરગોવિંદદાસ જેઠાભાઇ શાહ.

માલેકઃ—શ્રી દેશી નાટક સમાજ.

ઠે૦ વિકટોરીઆ થીએટર પીલહાઉસ ગ્રાન્ટરોડ-મુંબઇ

સંવત ૧૯૮૭ (પ્રત ૨૦૦૦) સને ૧૯૩૧

કીંમત ચાર આના

"ચૈતન યુગ નાટકનાં પાત્રોનો પરિચય."



પુરૂષ વર્ગ.

વિલાસ—એક વિલાસી ધનપતિ.

સુવિચાર—લોક સેવાનો અભિલાષી યુવાન.

વસુમિત્ર—વિલાસનો સલાહકાર.

મહેન્દ્રરાય—એક જમીનદાર.

નીરંજન—મહેન્દ્રનો પુત્ર.

શાન્તિનાથ—વૃદ્ધ સુધારક,

ધરમદા—એક ખેડુત.

મફતલાલ—તેનો ભત્રીજો.

ઉપરાંત—નાગરિકો લોકસેવકો. સીપાઇઓ. જ્ઞાતિબંધુઓ. ઇત્યાદિ.



સ્ત્રી વર્ગ.

ઉર્વશી—વિલાસની સ્ત્રી.

રોહિણી—મહેન્દ્રની સ્ત્રી.

કૃષ્ણા—વસુમિત્રની સ્ત્રી.

પ્રવીણા—બાળ વિધવા.


મંજુ—ચંચળવૃત્તિની કુમારીકા.

વેણી—મફતલાલની સ્ત્રી.

જમના—ધરમદા પટેલની સ્ત્રી.

ઉપરાંત—કુમારીકાઓ. લોકસેવિકાઓ વારાંગનાઓ વીગેરે.


સ્થળ—વિલાસગઢ.



શ્રી

"ચેતન યુગ" નાટકનો ટુંકસાર.

મંગળાચરણ અને વસ્તુસુચન.



અંક ૧ લો.



પ્રવેશ પહેલો—વિલાસ નામનો એક વિલાસી ધનવાન તેની સ્ત્રી ઉર્વશી ઘરમાં નથી અને કેટલીક બ્હેનપણીઓ એને મળવા આવી છે તેમની સાથે વિલાસનું અસભ્ય વર્તન સુવિચાર નામનો એક સુશિક્ષિત છતાં ગરીબ યુવાન નોકરી માગવા આવે છે, તેને વિલાસના નફટાઈભર્યાં જવાબ ત્યારબાદ ઉર્વશીનું આગમન અને પતિપત્ની વચ્ચે તકરાર થતાં બંને જુદાં થાય છે.

પ્રવેશ બીજો—સુવિચારનો પિતા. ન્યાત જાતથી તજાયેલો ગરીબ અને વૃદ્ધ સુધારક વસુમિત્ર નામનો એક અધમ લહેણુદાર તેની પાસે લેણું વસુલ કરવા આવે છે. તેમાં તકરાર થતાં અકસ્માતથી લહેણુદારને હાથે વૃદ્ધ મરણતોલ ઘાયલ થાય છે અને લેણુદાર નાસી જાય છે સુવિચાર ત્યાં આવતાંજ તેના વૃદ્ધ પિતાનું

મૃત્યુ એ વૃદ્ધ સુધારક હતો એટલા માટે જ્ઞાતિબંધુઓ એના શબને ઉપાડવાની પણ ના પાડે છે. જેથી સુવિચાર પિતાના શબને અગ્નિદાહ આપે છે અને ચુસ્ત સુધારક બને છે.

પ્રવેશ ત્રીજો—ખેડુતનો છોકરો મફતલાલ જે શહેરમાં રહી આવ્યો છે તેને ગ્રામ્યજીવન ગમતું નથી એટલે એના કાકાને આડું અવળું સમજાવી ખેતીવાડીનું શિક્ષણ મેળવવાને બ્હાને શહેરમાં રહેવા જવાનો વિચાર કરે છે.

પ્રવેશ ચોથો—અધમ વસુમિત્ર જે પોતાના મરહુમ ભાઇની મિલકત ખાઈ ગયો છે અને ભાઈની વિધવા એ મિલકત કદાચ પાછી માગે એટલા માટે પોતાની સ્ત્રીને એ વિધવા ત્રાસ વર્તાવવાનું કહે છે. બિચારી બાળવિધવા પ્રવિણા એનાપર ગુજરતો અત્યાચાર. ચોરીનો આરોપ મુકીને જીવતી બાળી મુકવાની તૈયારી ત્યાં લોકસેવક મંડળમાં જોડાયલી ઉર્વશી અને પછીથી સુવિચાર બંને આવી ચડે છે અને વિધવાને બચાવીને લઈ જાય છે

પ્રવેશ પાંચમો—ચંચળ વૃત્તિની કુમારી મંજુલા અને નીરંજનનો સંવાદ, ત્યાં ઉર્વશી અને સુવિચાર બંને જણા આવે છે અને નીરંજન લોકસેવકમંડળમાં જોડાવાનો નિશ્ચય કરે છે નીરંજનના પિતા મહેન્દ્રને એ કશુંજ ગમતું નથી પિતા પુત્રના વિરોધી વિચારો નીરંજનની માતા પણ પુત્રના પક્ષમાં પરિણામે સ્વમાન અને દેશાભિમાનને ખાતર પુત્રનું ઘર છોડે છે.

પ્રવેશ છઠ્ઠો--મફતલાલ અને તેની શોખીન સ્ત્રી વેણી બંનેને ગ્રામ્ય જીવનનો પુરેપુરો કંટાળો અને ભોળા વડિલોને છેતરવાની યુક્તિની સફળતા.

પ્રવેશ સાતમો--બદમાશ વસુમિત્રને ચોખ્ખું સમજાય છે કે પોતાના ઘરમાંથી બચાવીને વિધવાને લઈ જનાર લોકસેવકો પોતા પર ફરિયાદ કરશે તો આખા કુટુંબને જેલમાં જવું પડશે આ આફતમાંથી બચી જવા અને લોકસેવકોને ફસાવવા માટે એક અધમ યોજના તયાર કરે છે. વિલાસને આવી યોજનાઓ ગમતી નથી. જેથી એની સોબત છોડવાનો નિશ્ચય. ત્યાં મંજુનું આગમન નીરંજનથી ત્યજાયેલી ચંચળવૃત્તિના મંજુને ફસાવવાના વિલાસના પ્રયત્નો.

પ્રવેશ આઠમો-- બિચારા લોકસેવકો અધમ વસુમિત્રની જાળમાં સપડાય છે. મહેન્દ્ર પોતે પણ પોતાના પુત્રને ગુન્હેગાર માને છે પરિણામે વસુમિત્રની યુક્તિ સફળ થાય છે અને નીરંજન તથા સુવિચાર કેદ પકડાય છે.

—દેખાવ—

પ્રથમ

—અંક સમાપ્ત.—

અંક ૨ જો.



પ્રવેશ પહેલો—વિલાસના મોહપાશમાં ફસાવા તૈયાર થયેલી મંજુને ઉર્વશી આવીને બચાવી લે છે. ત્યાં વસુમિત્રને અને વિલાસ વચ્ચે તકરાર. એ તકરારના પરિણામે સુવિચાર અને નીરંજનને ફસાવનાર વસુમિત્ર છે આ બિના ઉર્વશીના જાણવામાં આવે છે.

પ્રવેશ બીજો—મહેન્દ્ર નીરંજનનો બચાવ ન કરતાં તેને સજા અપાવી એટલા માટે મહેન્દ્ર ને રોહીણી વચ્ચે તકરાર ત્યાં નિરંજન નિર્દોષ હતો. એવા સમાચાર ઉર્વશી આપે છે. એથી મહેન્દ્રનો પશ્ચાતાપ દર્ભા વસુમિત્રનું આગમન. તેને કેદ કરવા જતાં મહેન્દ્ર ઘાયલ થાય છે અને બદમાસ વસુમિત્ર નાસી છૂટે છે

પ્રવેશ ત્રીજો—શહેરી જીંદગીની મોજમજાઓથી અને ખોટા ખર્ચોથી કરજમાં અને દુઃખમાં ડુબેલો મફતલાલ અને તેની સ્ત્રી વેણી.

પ્રવેશ ચોથો—સુવિચાર અને નીરંજન બંને કારાવાસમાં વસુમિત્રને હાથે ઘાયલ થયેલો મહેન્દ્ર ઘણે દિવસે પુત્રને મળવા આવ્યો છે. કરૂણ હાલતમાં પિતાપુત્રનો મેળાપ.

પ્રવેશ પાંચમો—ઉર્વશી ઇચ્છે છે કે સુવિચારની સજાની મુદત પુરી થઈ અને તે છુટીને ઘેર આવ્યો તેના અને વિધવા પ્રવીણાના પુનર્લગ્ન કરવાં. વિધવા પ્રવીણાના એ બાબતના વિચારો જીવનભર કૌમારવ્રત પાળવાનો સુવિચારનો નિશ્ચય અને વિશ્વબંધુત્વની ભાવના.

પ્રવેશ છઠ્ઠો—મસ્તલાલનું ઘર ખોળતા પટેલ અને તેની સ્ત્રી દુઃખી થયેલા અને પશ્ચાતાપ કરતાં એ દંપતિને દિલાસો આપીને ઘેર પાછાં તેડી જાય છે.

પ્રવેશ સાતમો—હરામના નાણા ખાઈને ધનવાન બનેલો વિલાસ હવે પોતાની શ્રીમંતાઈ ખોઈ ગયો છે. તેને કુદરતના અદલ ઈન્સાફની સાબિતી. વેશ બદલીને જ્યાં ત્યાં ભટકતો વસુમિત્ર પૈસા મેળવવાને તેની પાસે આવે છે. વિલાસની યુક્તિથી પ્રપંચી પોતેજ પ્રપંચમાં ફસાય છે અને ત્યાંથી પણ નાસી જવાનો પ્રયત્ન કરતાં પાપી તેના પાપની સજા પામે છે.

—ટેબ્લો—

બીજો

— અંક સમાપ્ત.—

અંક ત્રીજો.



પ્રવેશ પ્રહેલો—નિર્દોષ ઠરીને ઘેર આવેલો નીરંજન માતા પિતાનો આનંદ. પોતાની ચંચળવૃત્તિ માટે પશ્ચાતાપ કરતી મંજુ નીરંજનને શરણે થાય છે. અને બન્નેના ભિન્નમાર્ગી હૃદય હવે એકમાર્ગે જાય છે.

પ્રવેશ બીજો—વસુમિત્રના બેહાલ થયેલા બાલબચ્ચાં; જે વિલાસને આશરે પડયાં છે. તેને સહાયતા આપનાર કોઈ નથી, ત્યારે જે બાળવિધવાને એકવાર જીવતી બાળી મુકતાં હતાં તેજ સહાયતા આપે છે. ત્યારબાદ પઈસા ખોઇ બેઠેલા અને દુર્વ્યસનમાં ડુબેલા વિલાસની દુર્દશા અને સ્ત્રી શક્તિના અદભુત આત્મત્યાગથી અધમને તેની અધમતાનું ભાન અને સત્પંથે પ્રયાણ.

પ્રવેશ ત્રીજો—મસ્તલાલ અને વેણી ઠોકરો ખાઈ ઠેકાણે આવ્યાં અને ખેડુતનો છોકરો આખરે ખેડુત બન્યો.

પ્રવેશ ચોથો—લોક સેવક મંડળનો વાર્ષિક સમારંભ "**ચેતનયુગ**"માં ચૈતન્ય પામતી ભારતીય જનતા લોકસેવા હુન્નર ઉદ્યોગ અને સ્વાશ્રયવિકાસની ભાવનાઓ વચ્ચે નાટકની પુર્ણાહુતી.

શાન્તિ ! **શાન્તિ ! !** **શાન્તિ ! ! !**

—: અંક ત્રીજો સમાપ્ત. :—



॥ तत्सत परमात्मने नमः ॥

ચેતન યુગ.

નાટકનાં ગાયનો.

અંક પહેલો.

મંગળાચરણ.

મંગલ સ્તવન તવ કૃપાલ
શાન્તિ કરણ ભ્રાન્તિ હરણ
અનન્ય શરણ પ્રણતપાલ:
દૈન્ય દુરિત હર હૃદય અભયકર દીન દયાલ—
સકલ વિશ્વ તવ ચિદ્ વિલાસ વિભુ
પણ આ ભૂમિ તવ વિહાર ભૂમિ વિવિધ રૂપ તારાં રાજે
ત્યાં કરૂણા કર હો વિશ્વંભર કર્ણધાર થાજે—

બાળાઓ— ૧

આજ ઉતર્યાં સ્વર્ગભુવનથી ચેતનના અંબાર

ઉતર્યાં ચેતનના અંબાર

ઝીલ ઝીલ ઓ ભારતવાસી ! તજી મોહ અંધાર–ઉતર્યાં.

યુગ યુગની નિદ્રા વિસારી, તુચ્છ જીવનના મોહ નિવારી;

તન ધન જન્મભૂમિ પરવારી, માતૃભૂમિનું ઋણ ઉતારી,

કર સાર્થક અવતાર–ઉતર્યાં.

આત્મભોગના મંત્ર પચાવી, સહિષ્ણુતાનો ધર્મ શોભાવી,

જગને નૂતન ધર્મ શિખવી, પુણ્ય ભૂમિનું નામ દિપાવી

કર જગમાં જયકાર ઉતર્યાં.

કુમારિકાઓ— ૨

મંદ સુવાસ મનોહર સંધ્યા

તન મનના સહુ તાપ હરે

બાલ અનિલ સ્વચ્છંદ વિહરતો

કુસુ વિટપથી કેલી કરે-

વ્યોમે વિધ વિધ રંગ છવાયા
હૃદયે વિવિધ તરંગ છુપાયા
નિલયે જ્યોત પ્રકાશ નિહારી
અંતર જ્યોત ઉજાસ ભરે—

વિલાસ— ૩

જીવન મહીં મજા શી સમજે નહીંજ કોઈ
સહુ જીંદગી જીવે છે, જીવનનો સાર ખોઈ
દિલને દીધી રસિકતા, જીવને દીધી જુવાની;
ફુલમાં ભરી સુગંધી શું કામ રસ નીચોઈ ?
જ્યાં સ્નેહ એજ સુખ છે. રસ પ્યાસ એજ અમૃત !
ત્યાં ત્યાં એમ સફળતા આ જીંદગીની જોઈ.

ઉર્વશી અને વિલાસ— ૪

જો લાખવાર હોયે તમને ગરજ અમારી
તો આવજો મનાવા આખર લડાઇ હારી—
સ્ત્રીને ગુલામ ગણતા એ વહી ગયા જમાના
સ્વાતંત્ર્ય યુગ છે આ સૌની સમાનતાના

નહિતો પછી તમારા ગૃહરાજ્યની ખુવારીઃ—
સંસાર છે સ્ત્રીઓથી સ્ત્રીનેજ તુચ્છ માનો
કકકો ખરો તમારો આ તે છે ન્યાય ક્યાંનો
જોશો જરા વિચારી શાને કહર અમારીઃ—

મફતલાલ— ૫

ગ્રામ્ય જીવનને ગોળી મારી થઇશું શહેરી લોક
લ્હેરીને હરદમ લઈ સાથે લઇશું ઈવનિંગ વાક—
રાખી ફેશન ફરીશું છડે ચોક—
અંકલમાં અક્કલની ખામી લગાર છે
પૈસા ચિકાર એના નક્કી મળનાર છે
એ પૈસાથી આનંદ કરશું દુર થવાના શોક—
અહીં મૂકે અંકલ ભલેને પોક....

પ્રવિણા— ૬

વિણ વાંકે દુનિયા તણા દવમાં સળગે દેહ
હયે વાદળ પુરીઆં નેણે મુકયા મેહ
નેહ શિખ્યાં ન શિખ્યાં ત્યાં સળગી ગઈ આશ

રહ્યા ઘોળી પીવાને પ્રાણ ખાવા નિશ્વાસ
ઇશ ! તારા આ રાજ્યમાંહિ આશા અન્યાય
વિધિ રૂઠે એ વાંક શું અમારો લેખાય
મરણ મોંઘા થયાં ને ઓછી જીવન અભિલાષ

કુમારિકાઓ અને નિરંજન— ૭

જગ આ જુનું થયું ને અમે તો સાવ નવાં
રસના સીન્ધુ જુનાં ને અમારા નાવ નવાં—
અભિનવ રૂપ અમારાં અને શણગાર જુના
રચશું નવિન જગત ત્યાગશું પ્રકાર જુના
રચશું સ્નેહીઓને શિખવાના ભાવ નવા
જીવનના લ્હાવા નવા—
નવ શોભે આ સ્નેહની મસ્તી કે અનુરાગ
જ્યાં માગે છે દેશ આ આત્મભોગ ને ત્યાગ—

કુમારિકાઓ અને નિરંજન—૮

મોહ ભરેલા જીવન અમારાં મોહ ભર્યા સંસાર વિષે
અમને રૂચે નિત્ય અવનવી મોહકતા શણગાર વિષે

દેહ સ્વદેશી હૃદય સ્વદેશી તે ઉપર શણગાર વિદેશી
એ શણગારે દેશ ડુબ્યો છે દરિદ્રતાનાં ભાર વિષે—
અમે સુકોમળ કુમારીકાઓ દેશ ભક્તિની વાતો વસમી
નાને મોઢે મોટી વાતો નવ શોભે વહેવાર વિષે—
દેશ હિન્દ છે વીરાંગનાઓ છો સંતાન તમે સહુ તેનાં
ક્યાં છે હિસ્સો કહો તમારો ભારતના ઉદ્ધાર વિષે—

વેણી અને મફત— ૯

રસ્તા ઉપર એક ઝરૂખાવાળી
સામે ચોગાન ને પાછળ ફુલવાડી એવી મેડી કોઈ ગોતજો
થોડું ફરનીચર ભાડેથી લાવજો
મખમલના કોચને ગલીચા બિછાવજો
વીજળીની રોશની ને પંખાવાળી....એવી મેડી
વાતો હજારને હિસાબે તમારી
દોઢાસોની મુડીમાં થાવું સંસારી
પરણ્યા શું કામલાડઘેલી લાડી-
જોશે બે હાલ બહુ ઉજાસવાળા

એમાં કબાટ મેજ શોભે રૂપાળા
થોડે ખરચે ખુબ સગવડવાળી—એવી મેડી.

વિલાસ— ૧૦

જેને લાગી હોય જવાળા તે એક જાણે
હયે જો આંખ હોય બાળા તોયે પિછાણે
સૌના ઘર ભર ચોમાસે રસ બસ ભાસે છે ત્યારે
સળગ છે સ્નેહની મહુલી એ કોણ જાણે—
સ્નેહની સંપત નહિ ત્યાં જીવનધન વ્યર્થ વિસામા
અમને તો પ્રાણના વિસામા છે પ્રેમબાણે—

પ્રથમ અંક સમાપ્ત.

અંક બીજો.

૧૧

જેરે દીવાર ખડે હુંય તેરા કયા લેતેં હુંય
દેખે લેતેં હુંય જલન હિલકી બુઝા લેતેં હુંય
કયોં ખફા હોતે હો હમ ખુદહી ચલે જાએંગે
બૈઠ જાતેં હુંય જહાં ધુની રમા દેતેં હુંય
યાદ આતી હુંય શબે હિજ જો તસ્વીર તેરી
દર્દ ઉઠતા હુંય તો સીનસેં લગા લેતેં હુંય

વિલાસ— ૧૨

અમને ઉપદેશ આ ઠાલા
અમે તો આનંદી જીંદગીવાળા
હયું વશ રાખતા શી રીતે શીખીએ
પલટે ના જે ઢળ્યા ઢાળા—અમે તો

મોહના ગુલામને વિલાસે વેચાણુ અમે
પામરતા એ નથી અજાણી
સમજયાં છતાં જીવ રોકયો રહે ના
સૂઝે સૌન્દર્ય જોઇ ચાળા —અમે તો

જેમાં આનંદ એ કામ સૌથી પહેલું
દુનિયા ભલે પાપ માને
સ્વારથ સાધ્યા પછી પાપને પ્રજાળવા
બાંધશું કુવાને ધર્મશાળા—અમે તો

વેણી અને મફતે— ૧૩

વ્યર્થ ડોળમાં થઈ બરબાદી ભર્યો કરજનો ભાર અમે
આજે સમજયા
રહેણી કરણી કરશું સાદી સાચવશું વહેવાર અમે–આજે
અમે બાળકો ખેડુતોનાં ખેતી એ છે ધર્મ અમારો
રહી નહિ એ જરાય યાદી એથી દુઃ મોઝાર અમે–આજે
હવે મોહથી અળગા રહીશું ખોટા ખરચો દુર કરીશું
હવે ધરીશું અંગે ખાદી એથી બેડો પાર અમે-આજે

નિરંજન— **૧૪**

આ માતૃભૂમિ તારા મુક્તિ તણા કિનારા
ક્યાં છે પ્રકાશ ધારા અંશુ ઉદય અમારા—
વર્ષો અનંત વાળી રાત્રિ વિતિ છતાંયે
છે દૂર વ્યોમમાંહિ આશાઓના મિનારા—
જો હોય કંઈ મલિનતા જગનાથ દૂર કરજે
અમને છે એક તારા ઓજસ ભર્યા સહારા —

પ્રવીણા— **૧૫**

ઉજ્જવળ છે ત્યાગ તારા હો ધન્યવીર મારા
છે વિશ્વ બંધુતાના આદર્શ ધન્ય તારા
કૌમાર વૃત્ત ધારી એ જીવન પંથ ન્યારા—
ભારતસંતાન વીર ઘર ઘર તારા સમાન
હો જો જેને સ્વમાન; વ્હાલા દેશાભિમાન,
પ્રાણદાન આપી યશ લ્હાણુ લૂટનારા—

ધરમદા, જમના, મફત અને વેણી—૧૬

પાણી ગામડાનાં મળશે છાયા લીમડાના ઢળશે
ચીજે દા બીમારી ટળશે મળશે સુકી હવા એ છે [illegible] ની દવા

દુધ ગાય માના તાજાં દેશી ઓસડ થોડાં ઝાઝાં
કરશે કાલ સવારે સાજાં ભેગી સુકી હવા—
ખોટા મોહમાં ખેંચાયા ખત્તા ખાઇ થયાં ડાહ્યાં
આશિષ આપોને માતાજી સેવા કરશું રહીશું રાજી
માગો પરમેશ્વરની પાસ હતાં તેવાં થવા-એ છે

વિલાસ— ૧૭

દેશ દ્રોહ દિલમાં ધરી રળવા જાતાં લાખ—
કાળા હાથ થયા અને રહી કર્મમાં રાખ
આજ જોયું કે જગતમાં ન્યાય છે
ધન હરામીનું હરામે જાય છે--
ઈશના ઈન્સાફની કરતો હતો હું મશ્કરી
આજ એ નજરો નજર દેખાય છે
જ્યાં હજારો હાથવાળો લૂંટવા ચાહે કદી
ત્યાં ન બે હાથે કશું રોકાય છે--

--: અંક બીજો સમાપ્ત. :--

અંક ત્રીજો.

કુમારીકાઓ— ૧૮

વિશ્વ બંધુતાના પાઠ વિશ્વને પઢાવનાર
પુનિત આર્ય દેશ વિશ્વ ધર્મને પ્રસારનાર
ત્યાં કૃપાલ કંઈ કૃપા કરી સુશાન્તિ સ્થાપજે
જયનિનાદ ઈશ વિશ્વ સકળમાં ગજાવજે

મંજુ અને નીરંજન— ૧૯

દેહની મોહકતા નથી કંઈ મોહક સાધનમાં
પ્રલોભન એ નકામાં
સુકોમળ મનને શ્યામા
કદી દ્રઢ સીંચીયે એ સંસ્કાર ડુબે નહિ મોહકતામાં—
અમે અજ્ઞાન ભર્યાં મદમાં ભાન ભુલ્યાં
શીખવો ત્યાગના સુમંત્ર અનુરાગ ધરી
તમે ભાવના વિસામા—

વિલાસ—　　　　૨૦

અધમ ઉદ્ધાર દેવી અધમ ઉદ્ધાર !

તારી ક્ષમતા અપાર

મોહ અંધને નેત્રે દીધાં તેં

મલિન વિચારો ભસ્મ કીધા તેં

વિષય કુપના કીટ અધમને દીધો નવિન અવતાર

સુરને સ્ત્રીએ ભક્ત બનાવ્યો

તુલસીદાસને ધર્મ શિખાવ્યો

શક્તિ સ્વરૂપ એ અબળા તમને પ્રણામ લાખોવાર—તારી

વેણી—　　　　૨૧

હું પટલાણી મારા ઘરની રાણી

ગામ ગામના પાણી પીને હવે બની હું શાણી—

વાત વાતમાં બિમાર થાતી ઘર કામે કંટાળી જાતી


હવે ભરૂં છું ઉંડે કુવે જઈ પંદર બેડાં પાણી—
કાયા આ કાચી કહેવાયે જેવી ઘડીએ તેમ ઘડાએ
સાચી થઈ છે અનુભવીઓના અનુભવની એ કહાણી—

વેણી અને મફત— ૨૨

ઈશ દેજે અવતાર ફરી જ્યાં નદી કિનારે ગામ
હોય જ્યાં લીલી વાડીઓ ઝુમતી આંબા હેઠ મુકામ
જીંદગી માગશું એવી કહો એ ભાવના કેવી—
ઘરમાં માણસ હોય ઘણાને આંગણે રોજ મ્હેમાન
ધામ ધરા ને ધન ધેનુનાં ઘરવાળી કુળવાન—જીંદગી
ન્યાત સુધારાની હોંશ ધરીશું
ન્યાત વરા નિર્મૂળ કરશું
અમે કરશું ગામડીયાંને કેળવવાનાં કામ—જીંદગી

નીરંજન અને વિલાસ— ૨૩

વિમલા વરદા વિભુની વિભુતિ
પુનિતા પ્રભુતા જય હો જનની
જગ પ્રેરક તું જગમાત સમી
સુખદા સુફલા જય હો જનની
ઉપકાર અનંત અમો પર છે
સર્વસ્વ સમર્પણુ માત તને
તુજ ગૌરવ અક્ષય હો જનની –
નિત શાન્તિમયી જય હો જનની



જાહેર ખબર

નીચે લખેલા પુસ્તકો શ્રી દેશી નાટક સમાજનો જ્યાં જ્યાં મુકામ હોય ત્યાંથી મળશે.

૧ સતી સંયુક્તા	૨૬ સતી દમયંતી	૫૧ સરસ્વતી ચંદ્ર
૨ સંગીત લીલાવતી	૨૭ કેસર કીશોર	૫૨ ભાગ્યનો [illegible]
૩ પવિત્ર લીલાવતી	૨૮ સુભદ્રા હરણ	૫૩ સિદ્ધાર્થ બુદ્ધ
૪ સતી પાર્વતી	૨૯ ઉર્વશી	૫૪ દગાબાજ દુનિયા
૫ અશ્રુમતી	૩૦ રાઠોડ કન્યા	૫૫ દેવી દમયંતી
૬ રામ વિયોગ	૩૧ પવિત્ર લક્ષ્મી	૫૬ માળવાની વીર
૭ મ્યુનીસીપલ ફી	૩૨ કુસુમલતા	૫૭ મયુરધ્વજ
૮ ભોજ કુમાર	૩૩ ઉષા કુમારી	૫૮ વિજયધ્વજ
૯ સરદારબા	૩૪ ગુલ અનારકલી	૫૯ [illegible]
૧૦ ઉમાદેવડી	૩૫ [illegible]	૬૦ [illegible]
૧૧ વાસુવેલી	૩૬ [illegible]	૬૧ [illegible]
૧૨ વિજયા વિજય	૩૭ નરસીંહ મહેતા	૬૨ [illegible]
૧૩ મદન મંજરી	૩૮ સગાળશા	૬૩ [illegible]
૧૪ ઉદયભાણુ	૩૯ કૃષ્ણ સુદામા	૬૪ [illegible]
૧૫ મોહીની ચંદ્ર	૪૦ [illegible]	૬૫ દીવાન
૧૬ ગીતા સુંદરી	૪૧ રાજરત્ન	૬૬ [illegible]
૧૭ સતી સીતા	૪૨ પ્રહલાદ વિજય	૬૭ [illegible]
૧૮ [illegible]	૪૩ કૌરવ પાંડવ ભા. ૧	૬૮ વીર પુજન
૧૯ સતી દ્રૌપદી	૪૪ જાલંધર સતી વૃંદા	૬૯ સમાજ સેવા
૨૦ [illegible]	૪૫ કૌરવ પાંડવ ભા. ૨	૭૦ વીર રમણી
૨૧ શ્રી સન્યાસી	૪૬ [illegible]	૭૧ દેવી [illegible]
૨૨ અસીમ દુનીયા	૪૭ સૌંદર્ય વિજય	૭૨ [illegible] દીપક
૨૩ સતી પદ્મણી	૪૮ દેવી દેવહુતી	૭૩ સત્તાનો મદ
૨૪ રણજીતસીંહ	૪૯ મહારાજા અશોક	૭૪ કીર્તિસ્થંભ
૨૫ રુક્ષ્મણી હરણ	૫૦ સતિ સુલોચના	૭૫ અજય ધારા

શ્રી દેશી ના. સમાજ — હરગોવીંદદાસ બેચરભાઈ શાહ.